ઓફલાઈન શિક્ષણ શરૂ થતા બસ પાસ કઢાવવા ડેપો ખાતે વિદ્યાર્થીઓની જામતી કતારો

વિદ્યાર્થીઓને સરળતાથી બસ પાસ મળી રહે તેવું આયોજન ગોઠવવા માંગ : સરકારની શાળાઓમાંથી પાસ કાઢી આપવાની સૂચના છતા આયોજન ન હોવાથી વિદ્યાર્થીઓ બસ ડેપો પર ખાય છે ધક્કા

ભુજ : જિલ્લામાં ઓફલાઈન શિક્ષણકાર્ય આરંભાયું છે. માધ્યમિક, ઉ.માધ્યમિક શાળા અને મહાશાળાઓમાં શિક્ષણકાર્ય મેળવવા વિદ્યાર્થીઓની અવરજવર વધી છે. અંતરિયાળ ગામો અને જિલ્લાના વિવિધ તાલુકા મથકોએથી શહેરોમાં અભ્યાસ અર્થ આવતા વિદ્યાર્થીઓ બસ પાસ કઢાવવા કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવું પડતું હોવાની બૂમો ઉઠવા પામી છે. ત્યારે તંત્ર આ વિદ્યાર્થીઓની મુશ્કેલીઓનો ઉકેલ લાવે તેવી માંગ ઉઠવા પામી છે.

એસટી ધીરે ધીરે પાટે ચડી રહી છે પણ હાલ શાળાઓ ઓફલાઈન થતા વિદ્યાર્થીઓ એસટી ડેપો ઉપર પાસ કઢાવવા માટે લાઈનો લગાડી રહ્યા છે. સરકારે શાળાઓમાંથી જ એસટી પાસ નિકળી શકે તેવા નિયમો બનાવ્યા હોવા છતાં કચ્છમાં આ અંગે કોઈ જ આયોજન ન કરાતા વિદ્યાર્થીઓને ડેપો મથકે ધક્કા ખાવા પડી રહ્યા છે.

ભુજ એસ.ટી. મથકમાં આવેલ વિદ્યાર્થી પાસ બારી પર સવારથી જ વિદ્યાર્થીઓ લાંબી લાઈનોમાં ઉભા રહી પાસ કઢાવી રહ્યા છે.

વિદ્યાર્થી કન્સેશન પાસ હોવાથી જિલ્લાના તાલુકા મથક અને અંતરિયાળ ગામોમાંથી અભ્યાસ અર્થે આવતા વિદ્યાર્થીઓને અવરજવરમાં રાહત મળે છે. પરંતુ કોરોના બાદ હજુ આજે પણ એસ.ટીના અમૂક રૂટ બંધ હોવાથી વિદ્યાર્થીઓને તકલીફ પડી રહી છે. જેના કારણે વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડી રહ્યો છે. ન છૂટકે વિદ્યાર્થીઓને ખાનગી વાહનોમાં મુસાફરી કરી સ્કૂલ, કોલેજ જવું પડી રહ્યું છે. તંત્ર દ્વારા બંધ કરાયેલા રૂટ પર પુનઃ એસટી બસો દોડતી કરવા આયોજન કરવામાં આવે તેવી માંગ પ્રબળ બની છે.

ભુજમાં રાજીવ ગાંધી આવાસ યોજનામાં ૩૧૪ મકાનો બન્યા

છેલ્લા ૪થી ૫ વર્ષમાં શહેરી ગરીબોના જમીન અધિકાર સંદર્ભે દાખવાયું દુર્લક્ષ : ભુજમાં યોજાયેલી કાર્યશાળામાં અપાઈ માહિતી

ભુજ : શહેરી ગરીબોના જમીન અધિકાર માટે ગુજરાતની સંસ્થાઓ એક જૂથ બને અને જમીન અધિકારો માટેનો મુસદો તૈયાર કરી તેની એડવોક્સી કરવામાં આવે તેવો નિર્ણય ભુજ ખાતે આયોજીત રાષ્ટ્ર સ્તરની કાર્યશાળામાં સામૂહિક રીતે લેવામાં આવ્યો હતો. ઝુપડપટ્ટીવાસીઓ માટે જમીનની લાંબાગાળાની સુરક્ષાના સંદર્ભમાં વિવિધ રાજ્યોના અનુભવો અને ગુજરાતના નાના- મધ્યમ શહેરોમાં આ વિષય સંદર્ભે શકયતાઓ તપાસવા માટે કાર્યશાળાનું આયોજન ભુજમાં ચાલી રહેલા પ્રકલ્પ 'હોમ્સ ઈન ધ સિટી, સ્કૂલ ઓફ હેબીટાટ સ્ટડીઝ, ટાટા ઈન્સ્ટિટ્યુટ ઓફ સોશ્યિલ સાયન્સ, મુંબઈના સંયુક્ત ઉપક્રમે આયોજન કરવામાં આવ્યું હતું.

એચઆઈસીના ડાયરેકટર અસીમ મિશ્રાએ જણાવ્યું હતું કે, ભુજમાં રાજીવ ગાંધી આવાસ યોજનામાં ૩૧૪ મકાનો બન્યા બાદ છેલ્લા ૪- ૫ વર્ષમાં શહેરી ગરીબોના જમીન અધિકાર સંદર્ભે દુર્લક્ષ દાખવવામાં આવી રહ્યું છે. આ સંદર્ભમાં રાજ્ય સરકારની નીતિમાં બદલાવ લાવવા માટે આ પ્રકારની કાર્યશાળા ઉપયોગી બની રહેશે. ઓડિસા થયેલા સર્વે મુજબ રાજ્યમાં ૨.૧૭ લાખ પરિવારો ઘર વિહોણા છે. જેમાંથી ૭૫ હજાર પરિવારોને જમીન પટ્ટો આપવા આવ્યો અને અન્ય ૧ લાખથી વધુ પરિવારોને સર્ટીફીકેટ આપવામાં આવ્યા છે.

પંજાબના અનુપ કૌરે જણાવ્યું હતું કે, પંજાબમાં અધિકારીઓ અને ઝુપડપટ્ટીના રહેવાસીઓને સાથે રાખીને સ્લમ એરિયા ડેવલોપમેન્ટ એન્ડ રિહેબીલીટેશન કમિટીનું ગઠન કરાયું છે. તો નાગપુરના નીતિનભાઈ મેશરામ અને અનિલભાઈ વાસનિક, રાજુકુમાર વણઝારીએ નાગપુરની લક્ષ્મીનગર સ્લમમાં કેવા સંઘર્ષ સાથે રહેવાસીઓને જમીન પટ્ટો અપાવવામાં સફળતા મેળવી તેની ડોક્યુમેન્ટ્રી દ્વારા પ્રસ્તુત કરી હતી. બીજા સત્રમાં મહિલા હાઉસિંગ ટ્રસ્ટના સોનલબેન બ્રહ્મભટ્ટ, પરેશભાઈ સાકરિયા, શહેનાઝબેન ખાન, સુનિલભાઈ રાજ, શેરોન ચૌધરીએ ગુજરાત પોતાના કાર્યક્ષેત્ર જમીન અધિકાર સંદર્ભે થયેલી કામગીરી, પડકારો વિશે વાત રજૂ કરી હતી. હુન્નરશાળા ફાઉન્ડેશનના આદિત્યસિંઘે જિલ્લાના રાપર અને ભુજમાં રાજીવ ગાંધી યોજનામાં થયેલી કામગીરી જણાવી હતી. ફાતમાબેન જત, સલીમભાઈ, મીનાક્ષીબેન ચૌહાણે માહિતી આપી હતી.

કુનરિયામાં કાનૂની જાગૃતિ શિબિર યોજાઈ

ભુજ : જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, કચ્છ મહિલા વિકાસ સંગઠન અને કુનરિયા જૂથ ગ્રામ પંચાયતના સંયુક્ત ઉપક્રમે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ચેરમેન બી.એન. પટેલ અધ્યક્ષ સ્થાને કાનૂની જાગૃતિ શિબિર યોજાઈ હતી. કચ્છ મહિલા વિકાસ સંગઠનના સેક્રેટરી અરૂણાબેન,

માલતીબેન અને યોગેશભાઈ હાજર રહ્યા હતા. કુનરિયા ગ્રામ પંચાયત, કચ્છ મહિલા વિકાસ સંગઠન અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સંયુક્ત પ્રયાસોથી કાનૂની સહાયતા કેન્દ્ર લીગલ હેલ્પ ડેસ્કનું ઉદ્ઘાટન બી. એન. પટેલના હસ્તે કરાયું હતું. ગુજરાતમાં ગ્રામ પંચાયત દ્વારા સંચાલિત આવા હેલ્પ ડેસ્કની આ પ્રથમ ઘટના છે. તેના સભ્યોમાં પંચાયતના ચૂંટાયેલા પ્રતિનિધિ વેજીબેન કાનજી કેરાસિયા, સમીબેન વિરમ વાવિયા, ભારતીબેન હરિલાલ ગરવા, સરપંચ બાલિકા પંચાયત ઉપરાંત કાયદાના નિષ્ણાત વકીલ અને તાલીમ પામેલા બહેનો હશે. આ સમિતિની દર ૧૫ દિવસે બેઠક યોજાશે, જે ગામના નાના-મોટા પ્રશ્નોના ઉકેલ માટે ચિંતન કરશે. કાયદાના સંઘર્ષમાં આવેલ વ્યક્તિ સાથે પરામર્શ કરશે અને સુલેહ કરવાનો પ્રયાસ કરશે. સમાજનો દરેક વ્યક્તિ કાયદાનું પાલન કરે એ માટે જાગૃતિના કાર્યક્રમો કરશે. અરજદાર કે સંઘર્ષમાં આવેલ વ્યક્તિને વાતને ગોપનીય રખાશે. આ ઉપરાંત કેન્દ્રની આગળ એક સૂચન બોક્ષ પણ મૂકાશે, જેમાં લોકો પોતાના પ્રશ્નો મૂકી શકે, જેની ૧૫ દિવસે સમીક્ષા કરાશે.લોકોમાં કાયદા પ્રત્યે જાગૃતિ આવે એ હેતુથી આ શિબિર યોજાઈ હતી. ગામના સરપંચ સુરેશભાઈ છાંગાએ મહેમાનોને આવકાર્યા હતા. અરૂણાબેને બહેનોની તમામ મોરચે ભાગીદારીની હિમાયત કરી હતી. બાલિકા પંચાયતના સરપંચ ભારતીબેને આ કામમાં બાલિકા પંચાયતની સક્રિયતા માટેની તત્પરતા દર્શાવી હતી. શ્રી પટેલે ગામલોકોને કાયદાનું પાલન કરવા અગન કર્યા હતા. સંચાલન માલશ્રીબેન ગઢવીએ કર્યું હતું.

કુકમામાં કાલે બાલિકા પંચાયતની ચૂંટણી યોજાશે

ભુજ : તાલુકાના કુકમા ગામે કોમ્યુનિટી હોલ ખાતે કુકમા બાલિકા પંચાયતની ચૂંટણીના સરપંચ અને સભ્યોના ઉમેદવારો સાથે મિટીંગ યોજાઈ હતી. જેમાં સરપંચ કકુંબેન વણકરના માર્ગદર્શન હેઠળ બાલિકા પંચાયત માટે ગામમાં ચુંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ઉત્સાહ સાથે ૯ બાલીકોઓ સરપંચ પદ માટે દાવેદારી નોધાવી હતી અને ૨૪ અલગ અલગ વોર્ડમાં વોર્ડ સભ્ય માટે પોતાની દાવેદારી ગ્રામ પંચાયતમાં રજુ કરી હતી. સરપંચ પદ માટે પેનલ ઉડાનમાં સોઢા ગુંજનબા પોતાના ૮ સભ્યો સાથે ઉમેદવારી કરી છે, પેનલ પરિવર્તન આહિર ઊર્મિ અને પેનલ વિકાસશીલ વણકર આકાંક્ષા પોતાના ૬-૬ સભ્યો સાથે ઉમેદવારી કરી છે.

માંડવી ખેતરપાળ દાદાના મંદિરમાંથી ચાંદીની મૂર્તિ ચોરીનો ભેદ ઉકેલાયો

ભુજ : આદિપુરમાં છરીની અણીએ લૂંટની કોશિષ કરનારા આરોપીઓ પૂનમ માલજી ડુંગરખિયા, રહીમ હમીદ હાલેપોત્રા અને એક મહિલાની આદિપુર પોલીસે અટકાયત કરી હતી. જેની પુછતાછમાં આ બંને શખ્સો માંડવીના જોગીવાસમાં આવેલા ખેતરપાળ દાદાના મંદિરમાંથી એક કિલોની ચાંદીની મૂર્તિ ચોરી હોવાની કેફીયત આપી હતી.

રવિપુષ્પયોગે વર્ધમાનનગરે શ્રીયંત્ર મહાલક્ષ્મી આરાધના પૂજન યોજાયું

ભુજ : વર્ધમાનનગરે વિમલનાથપ્રભુજીની શીતળ છાયામાં, અજોડ શાસન પ્રભાવક, ૨૧માં વર્ષીતપના તપોનિધિ પ.પૂ.કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. આદિઠાણા-૨ની શુભ પાવન નિશ્રામાં ૬૫ પરિવાર સહ શ્રીયંત્ર મહાલક્ષ્મી મહાપૂજન અનેરા ઉત્સાહ, ઉમંગ અને ભાવવાહી ધારામાં ભણાવવામાં આવ્યું હતું.

"સુખી સમાજ સમૃદ્ધ સંઘ" અભિયાન હેઠળ દર મહિને પુષ્પનક્ષત્રમાં પૂજ્યની નિશ્રામાં સિદ્ધચક્ર તથા મહાલક્ષ્મી આરાધના ઓનલાઈન પર કરવામાં આવે છે. રવિવાર અને પુષ્પનક્ષત્રનો શુભ સંયોગ મળતા શ્રીયંત્ર મહાલક્ષ્મીની વિશાળ પાયા પર આરાધના કરવામાં આવી હતી. યુટુબ ઓનલાઈન પર પણ હજારો ભાવિકો આ આરાધનામાં જોડાયા હતા. આરાધના દરમ્યાન પૂ. આચાર્ય કવીન્દ્રસાગરજી મ.સા. એ સમગ્ર વિશ્વ કોરોના મહામારીમાંથી મુક્ત થાય, કચ્છમાં સમયસર સારો વરસાદ થાય તેવી પ્રાર્થના કરી હતી. અને જણાવ્યું હતું કે, ભારત દેશની ધરતીના પરમ પુણ્યોદય છે કે, સમય સમયે ધરતીને મહાપુરૂષો મળ્યા છે. અને એ મહાપુરૂષો એટલા માટે કહેવાય ! કે એમણે માત્ર પોતાના આત્મકલ્યાણની ચિંતા નકરી, વિશ્વનો એક-એક જીવ

સુખી થાય, એમના દર્દ દુર થાય, જીવન મંગલમય બને એટલા માટે સાધના કરી. સુખી થવાનાં અનેક માર્ગો છે જે પૈકી એક માર્ગ એટલે મંત્રસાધના યંત્ર પૂજન છે. વૈજ્ઞાનિકો લેબોરેટરીમાં સંશોધન કરે છે... સાધકો અંતરની લેબોરેટરીમાં સાધના કરીને વિશ્વનાં કલ્યાણ માટે કામ કરે છે. જ્યોતિષાચાર્ય આ.ભ. શ્રી વીરભદ્રસાગર સૂરીશ્વરજી મ.સા. ને સાધના દ્વારા જે મંત્રની પ્રાપ્ત થઈએ મંત્ર દ્વારા શ્રીયંત્રની આરાધના કરાવવામાં આવે છે. સમાજ આ આરાધનાથી સમૃદ્ધ અને સુખી બને છે.

વૈજ્ઞાનિકો લેબોરેટરીમાં સંશોધન કરે છે... જયારે સાધકો અંતરની લેબોરેટરીમાં સાધના કરી વિશ્વનાં કલ્યાણ માટે કામ કરે છે. પૂ. મુનિરાજ કલ્પતરૂસાગરજી મ.સા. એ પ્રસંગ મહત્વ સમજાવતા શ્રીયંત્ર મહાલક્ષ્મી આરાધનાનો મહિમા સમજાવ્યો હતો. વિવિધ પરિવારોએ શ્રીયંત્ર મહાલક્ષ્મીની આરાધના કરી હતી. વિધિ વિધાન દિપકભાઈ કોઠારીએ કરાવેલ જયારે સંગીતની રમઝટ નીકેત દેઢીયા એન્ડ પાર્ટીએ જમાવેલ. મહાલક્ષ્મીજીની આરતીનાં ચડાવાનો લાભ માતુશ્રી મૃદુલાબેન અરવિંદભાઈ વોરા પરિવારે લીધો હતો. આ અવસરે પૂર્વ રાજ્યમંત્રી તારાચંદભાઈ છેડા, ગીરીશભાઈ છેડા, હિતેશભાઈ ખંડોલ, ચિંતલભાઈ વોરા, કિશોરભાઈ સાંયા, ભરતભાઈ બી. શાહ, નીલેશ મોમાયા, ઉલ્લાસભાઈ મહેતા તથા ભુજ અચલગચ્છ જૈન સંઘના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે આમંત્રિતો તથા મહેમાનોની સાધર્મિક ભક્તિનો લાભ માતુશ્રી મૃદુલાબેન અરવિંદભાઈ વોરા પરિવારે લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવા ચાતુર્માસ કમિટીનાં સર્વે સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

રાષ્ટ્રીય શિક્ષણ નિતિ ૨૦૨૦ના એક વર્ષની ઉજવણી નિમિત્તે

કચ્છ યુનિ. ખાતે એક દિવસીય પરિસંવાદ યોજાયો

ભુજ : કચ્છ યુનિવર્સિટીના કોર્ટ હોલ ખાતે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના ક્રિયાનવયનના એક વર્ષની ઉજવણીના ભાગરૂપે યુનિવર્સિટીના ઈન્ટરનલ ક્વોલિટી એશ્યોરન્સ સેલ, અર્થ એન્ડ એન્વાયર્મેન્ટ સાયન્સ વિભાગ, આર્કિયોલોજી વિભાગ અને કમ્પ્યુટર સાયન્સ વિભાગના સંયુક્ત ઉપક્રમે "નેશનલ એજ્યુકેશન પોલિસી - ૨૦૨૦ : ઈમ્પ્લીમેન્ટેશન પર્સપેક્ટીવ્સ" વિષય પર એક દિવસીય પરિસંવાદ યોજાયો હતો.

આવકાર અને પ્રાસ્તાવિક ભૂમિકા આપતા આઈક્યુએસી.ના ડિરેક્ટર ડૉ. આર. વી. બસિયાએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - ૨૦૨૦નો ઐતિહાસિક પરિચય આપ્યો હતો. કુલપતિશ્રી પ્રો.ડૉ. જયરાજસિંહ જાડેજાએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિના વિવિધ પાસાઓને કચ્છ યુનિવર્સિટી ખાતે તેમજ ઉચ્ચ શિક્ષણક્ષેત્રે કઈ રીતે અમલમાં લાવી શકાય તે અંગે ચર્ચા કરવા પ્રોત્સાહન અને માર્ગદર્શન પુરું પાડ્યું હતું.

પ્રથમ ટેકનિકલ સેશનમાં ડૉ. એમ. જી. ઠક્કરે 'સ્કોપ ઓફ એનઈપી. ઈમ્પ્લીમેન્ટેશન ઈન કચ્છ યુનિવર્સિટી', ડૉ.

સુભાષ ભંડારીએ 'મોટીવેટેડ, એનર્જાઈઝડ એન્ડ કેપેબલ ફેકલ્ટી' અને ડૉ. મહેશ મુલાણીએ 'એનઈપી ૨૦૨૦ : ટેકનોલોજી, યુઝ એન્ડ ઈન્ટીગ્રેશન' વિષય પર વક્તવ્ય આપ્યું હતું, જેનું સત્ર સંચાલન ડૉ. ગિરિન બક્ષી અને પ્રો. દર્શનાબેન ધોળકીયાએ કર્યું હતું. બીજા ટેકનિકલ સેશનમાં ડૉ. એસ.જી. ધર્માણીએ 'અપ ગ્રેડેશન ઓફ આઈસીટી મેઈન ફ્રેમ્સ', ડૉ. મૃગેશ ત્રિવેદીએ "ઈમ્પ્લીમેન્ટશન ઓફ ઈન્ડસ્ટ્રી ઓરિએન્ટેડ રિસર્ચ એક્ટીવીટી' અને ડૉ. ચિરાગ પટેલે 'ઈન્કુલઝન એન્ડ સોશીયલ રિસ્પોન્સીબિલીટી' વિષય પર વક્તવ્ય આપ્યું હતું. સત્રનું સંચાલન ડૉ. ડી.એમ. બકરાણિયા અને ડૉ. કાશ્મીરા મહેતાએ કર્યું હતું. સામુહિક ચર્ચા સત્રમાં ડૉ. કનિષ્ક શાહ, ડૉ. કશ્યપ ત્રિવેદી, ડૉ.અતુલ કનૈયા, ડૉ. મહેશ બારડ, પ્રા. જાગૃતિ પંડયા, પ્રો. વિજય વ્યાસ, ડૉ. પંકજ ઠાકર ઈત્યાદી પ્રાધ્યાપકોએ સક્રિય ભાગ લઈ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. જેમાં યુનિવર્સિટીના વિવિધ વિદ્યાશાખાના ડીન તેમજ ઈસી મેમ્બરોએ માર્ગદર્શન પૂરું પાડયું હતું.

આ પરિસંવાદમાં કચ્છ યુનિવર્સિટીના વિવિધ અનુસ્નાતક ભવનોના પ્રાધ્યાપકો, સંલગ્ન કોલેજોના આચાર્યોએ ભાગ લીધો હતો. કુલસચિવ ડૉ. જી. એમ. બુટાણીએ આભારવિધિ કરી હતી. સૂત્રસંચાલન ડૉ. સીમા શર્માએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા ડૉ. ગૌરવ ચૌહાણ, કૌશિક દલવી, ડૉ. મનિષાબેન બારડ, અભિષેક લખોટે, જયમીત સોલંકી, આદર્શ ઠક્કર, કેતન ચસ્કર અને આઈક્યુએસીની ટીમે જહેમત ઉઠાવી હતી.

નખત્રાણા સુપર માર્કેટમાં હાઇવે ઉપર જ ડીપી લાગી

નખત્રાણામાં સુપર માર્કેટ પરના હાઈવે પર જ ડીવી લગાવાઈ છે. દુકાનદારોની મનાઈ હોવા છતાં વીજ તંત્રે જોખમ ઉભું કર્યું છે. હાઇવે ઉપર કોઈ બેકાબુ ટ્રક ભટકાશે ત્યારે આ ડીપીના કારણે મોટું જોખમ ઉભું થશે. ખેર ત્યાં સુધી આ અધિકારી બદલાઈ જશે. જોખમ તો ગામને જ ભોગવવાનું ચૂંટાયેલા જવાબદાર પ્રતિનિધિઓના પણ કેમ મોટા સિવાઇ ગયા છે એવો આક્ષેપ અહીના દુકાનદારોએ કર્યો હતો.

ભુજ મામૈ મહેશ્વરી સમાજના હોદ્દેદારો વરાયા

ભુજ : અહીં મામૈ મહેશ્વરી સમાજની સામાન્ય સભા યોજાઈ હતી. જેમાં સમાજના હોદ્દેદારોની આગામી ૩ વર્ષ માટે વરણી કરવામાં આવી છે. જેમાં પ્રમુખ તરીકે કરશનભાઈ આયડી, મહામંત્રી ભરતભાઈ રોશિયાની સર્વાનુમતે વરણી કરાઈ હતી તેવું સહમંત્રી ચેતન મહેશ્વરીની યાદીમાં જણાવાયું હતું.

કંડલામાં પગપાળા જતો કિશોર ટેમ્પો નીચે ચગદાઈ જતાં મોત

ગાંધીધામ : કંડલા નજીક હનુમાન મંદિર પાસે પગપાળા જતો ૧૬ વર્ષિય કિશોર ટેમ્પો નીચે ચગડાઈ જતાં મોત નિપજયું હતું. અંતરજાળના દેવજીભાઈ જેસંગભાઈ આગરિયાએ નોધાવેલી ફરિયાદ પ્રમાણે તેમનો ભત્રીજો શિવમ ધનજીભાઈ આગરિયા ગત ૩ તારીખે પગે ચાલી જતો હતો. ત્યારે ટેમ્પો ચાલક વજાભાઈ કાનાભાઈ મ્યાત્રાએ હડફેટમાં લેતાં માથાના ભાગે ગંભીર ઈજાઓથી મોત થયું હતું. આ ઘટનામાં કરૂણતા એ છે કે હતભાગી કિશોર વાહન ચાલકના વેવાઈનો જ પુત્ર હતો. પરિવારમાં ગમગીનીનો માહોલ છવાઈ હતો.

WELSPUN ENTERPRISES
વેલસ્પન એન્ટરપ્રાઈસીઝ લિમિટેડ
(કોર્પોરેટ આઈડેન્ટિફિકેશન નંબર - L45201GJ1994PLC023920)
રજી.ઓફિસ : વેલસ્પન સિટી, ગામ વરસામેડી, તા. અંજાર, જિ. કચ્છ, ગુજરાત-૩૭૦ ૧૧૦
ટેલિ. +૯૧ ૨૮૩૬-૬૬૨૨૨૨ ફેક્સ +૯૧ ૨૮૩૬-૨૭૯૦૧૦
કોર્પો. ઓફિસ : વેલસ્પન હાઉસ, કમલા સિટી, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, (વેસ્ટ) મુંબઈ ૪૦૦ ૦૧૩, ટેલિ : +૯૧-૨૨ ૬૬૧૩ ૬૦૦૦ ફેક્સ : +૯૧ ૨૨-૨૪૯૦ ૮૦૨૦
વેબસાઈટ : www.welspunenterprises.com
ઈ-મેઈલ CompanySecretary_wel@welspun.com,

:: નોટિસ ::

આથી આ નોટિસ દ્વારા જાણ કરવામાં આવે છે કે કંપનીની ૨૭મી વાર્ષિક સાધારણસભા ૩૧ ઓગસ્ટ, ૨૦૨૧ને મંગળવારે વિડીઓ કોન્ફરન્સીંગ (વીસી)/અન્ય ઓડિયો વિઝયુઅલ મીન્સ (ઓએવીએમ) દ્વારા એજીએમ નોટિસમાં દર્શાવેલ કામગીરી સંદર્ભે યોજાશે. ઈ-વોટીંગ સુવિધા મારફત મતદાન અંગે એજીએમ નોટિસમાં દર્શાવેલ વિગતો ૯ ઓગસ્ટ-૨૦૨૧ને સોમવારે ઈ-મેઈલથી રવાના કરેલ છે.

એજીએમ વીસી/ઓએવીએમ દ્વારા ધારો, ૨૦૧૩નું તા. ૮ એપ્રિલ, ૨૦૨૦, ૧૩ એપ્રિલ-૨૦૨૦, ૫ મે, ૨૦૨૦ તથા ૧૩ જાન્યુઆરી ૨૦૨૧ના પરિપત્ર તથા કોર્પોરેટ અફેર્સ મંત્રાલય તથા સેબીનાં ૧૨ મે ૨૦૨૦ પરિપત્ર (હવેથી -પરિપત્ર- ઉલ્લેખ) અન્વયે યોજાશે. એજીએમમાં પ્રોક્ષી હાજર રહી શકશે નહીં. એજીએમમાં ઉપસ્થિત રહેવા અંગેની સૂચનાઓ નોટિસમાં દર્શાવેલ છે.

સદરહું પરિપત્ર અનુસાર એજીએમ નોટિસ તથા ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ કંપની/ડિપોઝીટરી ભાગીદારી ખાતે ઈમેઈલ આઈડી નોંધાયેલા સભ્યોને મોકલી આવેલ જે કંપનીની વેબસાઈટ www.welspunenterprises.com સ્ટોક એક્ષચેન્જની એટલે કે બીએસઈ લિમિટેડ www.bseindia.com, નેશનલ સ્ટોક એકસચેન્જ ઈન્ડિયા લિમિટેડ (www.nseindia.com) તથા સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસીઝ લિમિટેડ (www.cdslindia.com) ઉપરથી પણ ઉપલબ્ધ છે.

કંપનીનાં જે સભ્યોએ પોતાનું નામ નોંધાવેલ ન હોય પરંતુ ઈક્વિટી શેર ડીમેટ સ્વરૂપે ધરાવતા હોય તેઓ ઈમેઈલ સરનામું જે કે ડિપોઝીટર પાસે નોંધાવી શકશે તથા પ્રત્યક્ષ સ્વરૂપે ઈક્વિટી શેર ધરાવતા હોય તેઓ આરટીએ rnt.helpdesk@linkintime.co.in ઉપર નોધાવી શકશે પરંતુ તેમાં નામ, ફોલીયો નંબર, સર્ટીફીકેટ નંબર, પાન, મોબાઈલ નંબર અને ઈમેઈલ આઈડી વિગેરે દર્શાવાના રહેશે.

કંપનીએ ઈ-વોટીંગ પ્રક્રિયા અંગે શ્રી મિહેન હાલાણી એન્ડ એસોસીએટ્સ પ્રેકટીસીંગ સેક્રેટરી (સર્ટીફીકેટ નં. ૧૨૦૧૫) મુંબઈની ચકાસણી કરનાર તરીકે નિમણુંક કરી છે.

૨૪ ઓગસ્ટ, ૨૦૨૧ને મંગળવારની કટ-ઓફ તારીખ સુધીમાં પ્રત્યક્ષ કે ડિમટીરીયલાઈઝ સ્વરૂપે શેર ધરાવતા શેરધારકો એજીએમ નોટિસમાં દર્શાવેલ કામગીરી સંદર્ભે સીડીએસએલ (રિમોટ ઈ-વોટીંગ) દ્વારા મત આપી શકશે તેમને સૂચના આપવામાં આવે છે કે,

(એ) એજીએમ નોટિસમાં દર્શાવેલ સઘળી કામગીરી રિમોટ ઈ-વોટીંગ કે ઈ-વોટીંગ પદ્ધતિથી જ કરવામા આવશે.

(બી) રિમોટ ઈ-વોટીંગ શનિવાર, ૨૮ ઓગસ્ટ, ૨૦૨૧ (સવારે ૯.૦૦) થી શરુ થશે અને ૩૦ ઓગસ્ટ ૨૦૨૧ (સાંજે ૫.૦૦ વાગે) બંધ થશે.

(સી) ૩૦ ઓગસ્ટ, ૨૦૨૧નાં સાંજે ૫.૦૦ કલાકે રિમોટ ઈ-વોટીંગ મોડયુલ બંધ થશે એટલે કે ત્યાર પછી મતદાન થઈ શકશે નહિં.

(ડી) કંપનીની કટ-ઓફ તારીખ ૨૪ ઓગસ્ટ, ૨૦૨૧ ને મંગળવાર સુધીમાં સભ્યો ઈક્વિટી શેર ધરાવતા હિસ્સા માટે મતદાનનો હક્ક ધરાવશે.

(ઈ) એજીએમમાં કટ ઓફ તારીખના રોજ ડિપોઝીટરી રેકોર્ડમાં નામે નોંધાયેલ સભ્યો જ રિમોટ ઈ-વોટીંગ કે ઈ-વોટીંગ પદ્ધતિથી મતદાન કરી શકશે.

(એફ) સભ્યોએ વસ્તુની નોંધ લે કે વોટીંગ સુવિધા એજીએમ દરમ્યાન પણ ચાલુ રહેશે. જે સભ્યો આ એજીએમમાં ઉપસ્થિત છે વીસી/ઓવીએમ દ્વારા અને જેમણે રિમોટ ઈ-વોટીંગ દ્વારા વોટ કર્યા નથી અને જેઓ કોઈ રીતે પ્રતિબંધીત નથી વોટ કરવા માટે તેઓ ઈ-વોટીંગ કરવા એજીએમમાં યોગ્ય છે.

(જી) જે સભ્યોએ રિમોટ ઈ-વોટીંગ દ્વારા એજીએમ પહેલા વોટ કર્યા છે તેઓ એજીએમમાં હાજર રહી શકે છે પણ વોટ કરી શકશે નહીં.

(એચ) જે વ્યક્તિ કંપનીની નોટિસ મોકલ્યા પછી કંપનીના શેરર્સ ધરાવે છે તેઓ કંપનીની કટ ઓફ તારીખનાં રોજ એટલે કે ૨૪ ઓગસ્ટ, ૨૦૨૧નાં શેર ધરાવનાર સભ્યો આઈડી લોગઈન અને પાસવર્ડની અરજી helpdesk.evoting@cdslindia.com કે કંપની/રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટને કરીને મેળવી શકશે. જ્યારે અગાઉથી સીડીએસએલ ખાતે નોંધાયેલ સભ્યો પ્રવર્તમાન યુજર આઈડી પાસવર્ડ દ્વારા મતદાન કરી શકશે.

(આઈ) કંપનીનાં સભ્યો વધુ માહિતી માટે પ્રિયા પાખરે, કંપની સેક્રેટરીને વેલસ્પન હાઉસ, કમલા મિલ્સ કમ્પાઉન્ડ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૪૦૦ ૦૧૩ કે ઈમેઈલ CompanySecretary_wel@welspun.com દ્વારા કે +૯૧ (૦૨૨) ૬૬૧૩૬૦૦૦ ઉપર કોઈપણ કામકાજના દિવસોએ સવારે ૧૧.૦૦ થી સાંજે ૬.૦૦ સુધી સંપર્ક સાધી શકશે.

(જે) એજીએમ અને ઈ-વોટીંગ અંગેની કોઈપણ મુશ્કેલી જણાય તો ફ્રિકવન્સી આસ્ક ક્વેશન (એફએક્યુ) તથા www.evotingindia.com ને હેલ્પ સેકશન અન્વયે કે helpdesk.evoting@cdslindia.com અથવા શ્રી નીતિન કુંદર (૦૨૨-૨૩૦૫૮૭૩૮) કે શ્રી મહેબૂબ લાખાણી (૦૨૨-૨૩૦૫૮૫૪૩) કે શ્રી રાકેશ દલવી (૦૨૨-૨૩૦૫૮૫૪૨) નો સંપર્ક સાધી શકશે.

જે તે છેલ્લા સાત વર્ષમાં જે સભ્યોએ ડિવિડન્ડ/સૂચિત રકમ મેળવી નહીં હોય તેવા શેરધારકો માટે નોટિસ

કંપની ધારો, ૨૦૧૩ની કલમ ૧૨૪ (૬) તથા રોકાણકાર શિક્ષણ રક્ષણ ફંડ ઓથોરિટી (એકાઉન્ટીંગ, ઓડિટીંગ, ટ્રાન્સફર અને રિફંડ) કાયદો, ૨૦૧૬ જેનું ૦૭, સપ્ટેમ્બર, ૨૦૧૬ અમલી થયેલ છે અને વખતોવખત સુધારણા થયેલ છે તે વંચાણે લઈને આથી જાણ કરવામાં આવે છે કે કંપની સભાસદોએ ૨૦૧૩-૧૪ના નાણાંકીય વર્ષથી ડિવિડન્ડ મેળવેલ નથી અને તે શેર ઈન્વેસ્ટર શિક્ષણ તથા રક્ષણ ફંડ (આઈપીએફ) ખાતે ટ્રાન્સફર કરવામાં આવશે. તેવા શેરધારકોના નામ અને તેમના ફોલિયો નંબર કે ડીપી આઈડી-કલાયન્ટ આઈડી કંપનીની વેબસાઈટ www.welspunenterprises.com ઉપર ઉપલબ્ધ થઈ શકશે.

સદરહુ બિનચૂકવાયેલ/દાવો નહીં કરેલ ડિવિડન્ડ મેળવવા કે કોઈપણ બાબતના સ્પષ્ટીકરણ માટે લખી મોકલો અથવા કંપની રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ કે કંપની સેક્રેટરીશ્રીનો કંપનીની રજિસ્ટર્ડ કચેરી કે કોર્પોરેટ કચેરીનાં સરનામે સંપર્ક સાધવો.

વેલસ્પન એન્ટરપ્રાઈસીઝ લિમિટેડ વતી
સહી/-
પ્રિયા પખારે
કંપની સેક્રેટરી
FCS-7805
મુંબઈ,
૯ ઓગસ્ટ, ૨૦૨૧

WELSPUN INDIA HOME TEXTILES
વેલસ્પન ઈન્ડિયા લિમિટેડ
(કોર્પોરેટ આઈડેન્ટિટી નંબર - L17110GJ1985PLC033271)
રજી.ઓફિસ : વેલસ્પન સિટી, ગામ વરસામેડી, તા. અંજાર, જિ. કચ્છ, ગુજરાત-૩૭૦ ૧૧૦
ટેલિ. +૯૧ ૨૮૩૬-૬૬૧૧૧૧ ફેક્સ +૯૧ ૨૮૩૬-૨૭૯૦૧૦
કોર્પો. ઓફિસ : વેલસ્પન હાઉસ, ૬ઠ્ઠો માળ, કમલા મિલ્સ કંપાઉન્ડ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ, મહારાષ્ટ્ર ૪૦૦ ૦૧૩, ટેલિ : +૯૧-૨૨ ૬૬૧૩૬૦૦૦ફેક્સ : +૯૧ ૨૨-૨૪૯૦ ૮૦૨૧
ઈ-મેઈલ CompanySecretary_wil@welspun.com, Web : www.welspunindia.com

નોટિસ

આથી આ જાહેર નોટિસ દ્વારા જાણ કરવામાં આવે છે કે કંપનીની સાધારણ સામાન્ય સભા ('એજીએમ') ૩૧મી ઓગસ્ટ, ૨૦૨૧ ને મંગળવારે સવારે ૧૧.૦૦ કલાકે વીડિયો કોન્ફરન્સીંગ ('વીસી') અન્ય ઓડિયો વિઝ્યુઅલ પદ્ધતિ ('ઓએવીએમ') દ્વારા નોટિસમાં દર્શાવેલ કામકાજ અર્થે ફક્ત ઈ-વોટીંગ સુવિધા મારફત યોજવામાં આવશે.

સદરહુ સાધારણ સામાન્ય સભા કંપની ધારા, ૨૦૧૩ તથા કોર્પોરેટ અફેર્સ મંત્રાલય તેમજ સેબીનાં પરિપત્રમાં દર્શાવેલ જોગવાઈની રૂએ વીડિયો કોન્ફરન્સીંગ/અન્ય ઓડિયો વિઝ્યુઅલ પદ્ધતિ મારફત યોજાશે. સાધારણ સામાન્ય સભામાં ભાગ લેવા પ્રોક્ષીને મંજૂરી મળશે નહિ તથા આ સભામાં હાજરી માટેનાં તમામ નિયમો અને શરતો નોટિસમાં દર્શાવેલ છે.

મજકુર પરિપત્ર અનુસાર સાધારણ સામાન્ય સભાની ઈલેક્ટ્રોનિક નકલ કંપની/ડિપોઝીટરી હિસ્સેદારના રજિસ્ટરમાં નોંધાયેલ ઈ-મેઈલ આઈડીનાં સરનામે મોકલી આપવામાં આવેલ છે. આ દસ્તાવેજો કંપનીની વેબસાઈટ www.welspunindia.com તથાબીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક ઓકસચેન્જ ઓફ ઈનિડયા લિમિટેડની વેબસાઈટ અનુક્રમે www.bseindia.com તથા www.nseindia.com ઉપરાંત નેશનલ સિક્યોરિટી ડિપોઝીટરી લિમિટેડની વેબસાઈટ www.cdslindia.com ઉપર ઉપલબ્ધ છે. કંપની તરફથી પાત્રતા ધરાવતા સભાસદોને સાધારણ સામાન્ય સભાની નોટિસ ઈ-મેઈલ દ્વારા ૯, ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ મોકલવામાં આવી છે.

જે સભાસદોએ પોતાના ઈ-મેઈલ સરનામા નોંધાવેલ ન હોય તેમણે જે તે ડિપોઝીટરી હિસ્સેદાર પાસે નોંધાવી લઈને પ્રત્યક્ષ શેર ધરાવતા હોય તેની સંપૂર્ણ વિગતો કંપનીનાં રજિસ્ટર અને શેર ટ્રાન્સફર એજન્ટ લિન્ક ટાઈમ ઈનિડયા પ્રાઈવેટ લિમિટેડને ઉદેશીને rnt.helpdesk@linkintime.co.in ઉપર ચકાસી લેવા વિનંતી છે. કંપનીએ ઈ-વોટીંગ અને રીમોટ ઈ-વોટીંગ પ્રક્રિયા માટે અધિકૃત શ્રી સુનિલ ઝોરે, મે. એસપીઝેડ એસોસીએટસ કંપની સેક્રેટરી (નં. ૧૧૮૩૭) મુંબઈને નિયુક્ત કરેલ છે.

પ્રત્યક્ષ કે ડી-મટિરીયલાઈઝ સ્વરૂપે શેર ધારણ કરનાર સભાસદોએ કટ-ઓફ તારીખ ૨૪ ઓગસ્ટ, ૨૦૨૧ને મંગળવારના રોજ નોટિસમાં દર્શાવેલ વહિવટી કામગીરી અર્થે ઈલેક્ટ્રોનિક વોટીંગ પદ્ધતિએ એનએસડીએલ ('રિમોટ ઈ-વોટીંગ') મતદાન અંગે નિમ્ન નિર્દિષ્ટ બાબતોની જાણ કરવામાં આવે છે કે

- ઈ-વોટીંગની પ્રક્રિયાની વિગત નીચે મુજબ છે.

(એ) કંપનીએ નોંધાયેલા સભ્યોને એજીએમ નોટિસ તથા ઈ-વોટીંગ પત્રકો ૯ ઓગસ્ટ, ૨૦૨૧નાં રવાના કરેલ છે.

(બી) રિમોટ ઈ-વોટીંગ શનિવાર ૨૮ ઓગસ્ટ, ૨૦૨૧ના (સવારે ૯.૦૦) થી ૩૦ ઓગસ્ટ, ૨૦૨૧ને સોમવાર (સાંજે ૫.૦૦) સુધી ચાલુ રહેશે.

(સી) રિમોટ ઈ-વોટીંગ મોડયુલ સોમવાર, ૩૦ ઓગસ્ટ, ૨૦૨૧ને સાંજે ૫.૦૦ વાગે બંધ થશે એટલે કે ત્યારપછી મતદાન કરી શકાશે નહીં.

(ડી) એજીએમ દરમિયાન પણ ઈ-વોટીંગ થઈ શકશે અને જે સભ્યો વિસી/ઓ.એ.વી.એમ. સુવિધા દ્વારા એ.જી.એમ. માં જોડાશે તથા રિમોટ ઈ-વોટીંગ દ્વારા ઠરાવ પર મંત ન આપ્યો હોય અને અથવા તો તેવું કરતા તેમને રોકવામાં ન આવ્યા હોય તો એ રિમોટ ઈ-વોટીંગ દ્વારા પણ મતદાન કરી શકશે.

(ઈ) ૨૪ ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ શેરધારક તરીકે યોગ્યતા ધરાવનાર સભ્યો જ મતદાન કરવા હકદાર રહેશે.

(એફ) જે સભ્યો કંપનીની કટ ઓફ તા. ૨૪ ઓગસ્ટ, ૨૦૨૧ સુધીમાં સભ્યપદ ધરાવતા હોય તેઓ કંપનીનાં સેક્રેટરીને helpdesk.evoting@cdslindia.com ઉપર કંપની રજિસ્ટ્રારને અરજી કર્યેથી યુઝર આઈડી પાસવર્ડ મેળવી શકશે.

(જી) કંપનીનાં રજિસ્ટરમાં સભ્યોનાં નામો કટ ઓફ તારીખનાં રોજ નોંધાયેલ હોય તેમનો એજીએમ દરમિયાન ઠરાવ કરાશે.

(એચ) એક વખત રિમોટ ઈ-વોટીંગ દ્વારા સાધારણ સભા શરૂ થયા પહેલાં મતદાન કર્યું હશે તે એજીએમ દરમિયાન ફરી મતદાન કરી શકશે પરંતુ એજીએમમાં હાજર રહી શકશે નહીં.

(આઈ) એજીએમ દરમિયાન રિમોટ ઈ-વોટીંગ તથા ઈ-વોટીંગ વીસી/ઓએવીએમ દ્વારા મતદાનની પ્રક્રિયા કંપનીની વેબ www.welspunindia.com તથા સીડીએસએલની વેબ www.cdslindia.com ઉપર ઉપલબ્ધ છે.

(જે) કંપનીના સભ્યો શ્રી શશિકાંત થોરાટ, કંપની સેક્રેટરી છઠ્ઠો માળ, વેલસ્પન હાઉસ, કમલા મિલ્સ કપાઉન્ડ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ ૪૦૦૦૧૩ કે ઈ-મેઈલ companysecretary_wil@welspun.com કે +૯૧ (૦૨૨) ૬૬૧૩૬૦૦૦નો કોઈપણ કામના દિવસોએ સવારે ૧૧.૦૦ થી સાંજે ૬.૦૦ સુધી સંપર્ક સાધી શકશે.

(કે) એજીએમમાં હાજર રહેવા કે ઈ-વોટીંગ પદ્ધતિ અંગે કોઈપણ મુશ્કેલી પડે તો ફ્રિકવન્સી આસ્ક ક્શ્ચેયન (એફએક્યુ) www.evotingindia.com હેલ્પ વિભાગનો સંપર્ક સાધી શકશો કે helpdesk.evoting@cdslindia.com ને લખી જણાવો કે શ્રી નીતિન કુંદર (૦૨૨-૨૩૦૫૮૭૩૮) કે શ્રી મહેબૂબ લાખાણી (૦૨૨-૨૩૦૫૮૫૪૩) કે રાકેશ દલવી (૦૨૨-૨૩૦૫૮૫૪૨) નો સંપર્ક સાધવો.

છેલ્લા સાત આનુષંગિક વર્ષનું વણચૂકવાયેલ ફાઈનલ ડિવિડન્ડ લીધુ ન હોય તેવા શેરધારકો માટે નોટિસ કંપની ધારા, ૨૦૧૩ની કલમ ૧૨૪ (૬) તથા રોકાણકાર શિક્ષણ રક્ષણ ફંડ ઓથોરિટી (એકાઉન્ટીંગ, ઓડિટીંગ, ટ્રાન્સફર અને રિફંડ) કાયદો, ૨૦૧૬ જેનું ૦૭, સપ્ટેમ્બર, ૨૦૧૬ અમલી થયેલ છે અને વખતોવખત સુધારણા થયેલ છે તે વેચાણે લઈને આથી જાણ કરવામાં આવે છે કે જે કંપની સભાસદોએ ૨૦૧૩-૧૪ના નાણાકીય વર્ષથી ડિવિડન્ડ મેળવેલ નથી અને તે શેર ઈન્વેસ્ટર શિક્ષણ તથા રક્ષણ ફંડ (આઈપીએફ) ખાતે ટ્રાન્સફર કરવામાં આવશે એટલે કે કંપની ધારા ૨૦૧૩ની કલમ ૧૨૫ અન્વયે સરકારશ્રીના ફંડમાં જમા કરવામાં આવશે. તેવા શેરધારકોના નામ અને તેમના ફોલિયો નંબર કે ડીપી આઈડી-કલાયન્સ આઈડી કંપનીની વેબસાઈટ www.welspuninda.com ઉપર ઉપલબ્ધ થઈ શકશે.

સદરહુ બિનચૂકવાયેલ/દાવો નહીં કરેલ ડિવિડન્ડ મેળવવા કે કોઈપણ બાબતના સ્પષ્ટીકરણ માટે લખી મોકલો અથવા કંપની રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ કે કંપની સેક્રેટરીશ્રીનો કંપનીની રજિસ્ટર્ડ કચેરી કે કોર્પોરેટ કચેરીના સરનામે સંપર્ક સાધવો.

વેલસ્પન ઈન્ડિયા લિમિટેડ વતી
સહી/-
શશિકાંત થોરાટ
કંપની સેક્રેટરી
ICSI Membership No. : FCS 6505
મુંબઈ,
૯ ઓગસ્ટ, ૨૦૨૧

WELSPUN CORP PIPES AND PLATES
વેલસ્પન કોર્પ લિમિટેડ
(કોર્પોરેટ આઈડેન્ટિફિકેશન નંબર - L27100GJ1995PLC025609)
રજી.ઓફિસ : વેલસ્પન સિટી, ગામ વરસામેડી, તા. અંજાર, જિ. કચ્છ, ગુજરાત-૩૭૦ ૧૧૦
ટેલિ. +૯૧ ૨૮૩૬-૬૬૨૨૨૨ ફેક્સ +૯૧ ૨૮૩૬-૨૭૯૦૫૦
ઈ-મેઈલ CompanySecretary_WCL@welspun.com
વેબસાઈટ : www.welspuncorp.com
કોર્પો. ઓફિસ : પમો માળ, વેલસ્પન હાઉસ, કમલા મિલ્સ કંપાઉન્ડ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ - ૪૦૦ ૦૧૩, ટેલિ : ૦૨૨-૨૪૯૦ ૮૦૦૦ ફેક્સ : ૦૨૨-૨૪૯૦ ૮૦૨૦

નોટિસ

આથી આ જાહેર નોટિસ દ્વારા જાણ કરવામાં આવે છે કે કંપનીની ૨૬મી વાર્ષિક સાધારણ સામાન્ય સભા ('એજીએમ') ૩૧ મી ઓગસ્ટ, ૨૦૨૧ને મંગળવારે સવારે ૧૨:૩૦ કલાકે વીડિયો કોન્ફરન્સીંગ ('વીસી') અન્ય ઓડિયો વિઝયુઅલ પદ્ધતિ ('ઓએવીએમ') દ્વારા નોટિસમાં દર્શાવેલ કામકાજ અર્થે ફક્ત ઈ-વોટીંગ સુવિધા મારફત યોજવામાં આવશે.

સદરહુ સાધારણ સામાન્ય સભા કંપની ધારા, ૨૦૧૩ તથા કોર્પોરેટ અફેર્સ મંત્રાલય તેમજ સેબીનાં પરિપત્રમાં દર્શાવેલ જોગવાઈની રૂએ વીડિયો કોન્ફરન્સીંગ/અન્ય ઓડિયો વિઝયુઅલ પદ્ધતિ મારફત યોજાશે. સાધારણ સામાન્ય સભામાં ભાગ લેવા પ્રોક્ષીને મંજૂરી મળશે નહિં તથા આ સભામાં હાજરી માટેના તમામ નિયમો અને શરતો નોટિસમાં દર્શાવેલ છે.

મજકુર પરિપત્ર એમસીએ તથા સેબીના પરિપત્ર અનુસાર સાધારણ સામાન્ય સભાની નોટિસ તથા વાર્ષિક અહેવાલની ઈલેક્ટ્રોનિક નકલ કંપની/ડિપોઝીટરી હિસ્સેદારનાં રજીસ્ટરમાં નોંધાયેલ ઈ-મેઈલ આઈડીના સરનામે મોકલી આપવામાં આવેલ છે. આ દસ્તાવેજો કંપનીની વેબસાઈટ www.welspuncorp.com તથા બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એકચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડની વેબસાઈટ અનુક્રમે www.bseindia.com તથા www.nseindia.com ઉપરાંત નેશનલ સિક્યોરિટી ડિપોઝીટરી લિમિટેડની વેબસાઈટ www.cdslindia.com ઉપર ઉપલબ્ધ છે. કંપની તરફથી પાત્રતા ધરાવતા સભાસદોને સાધારણ સભાની નોટિસ ઈ-મેઈલ દ્વારા ૯, ઓગસ્ટ, ૨૦૨૧નાં રોજ મોકલવામાં આવી છે.

જે સભાસદોએ પોતાના ઈ-મેઈલ સરનામા નોંધાયેલ ન હોય તેમણે જે તે ડિપોઝીટરી હિસ્સેદાર પાસે નોંધાવી લઈને પ્રત્યક્ષ શેર ધરાવતા હોય તેની સંપૂર્ણ વિગતો કંપનીનાં રજીસ્ટર અને શેર ટ્રાન્સફર એજન્ટ, લિન્ક ટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડને ઉદ્દેશીને rnt.helpdesk@linkintime.co.in ઉપર ચકાસી લેવા વિનંતી છે.

પ્રત્યક્ષ કે ડી-મટિરીયલાઈઝ સ્વરૂપે શેર ધારણ કરનાર સભાસદોએ કટ-ઓફ તારીખ ૨૪ ઓગસ્ટ, ૨૦૨૧ને મંગળવારના રોજ નોટિસમાં દર્શાવેલ વહિવટી કામગીરી અર્થે ઈલેક્ટ્રોનિક વોટીંગ પદ્ધતિએ એનએસડીએલ (રિમોટ ઈ-વોટીંગ) મતદાન અંગે નિમ્ન નિર્દિષ્ટ બાબતોની જાણ કરવામાં આવે છે કે -

(એ) એજીએમ નોટિસમાં દર્શાવેલ મુજબના વ્યવસાયો રિમોટ ઈ વોટીંગ અથવા ઈ વોટીંગ પદ્ધતિથી એજીએમ દ્વારા લેવડદેવડ થઈ શકે છે.

(બી) રિમોટ ઈ-વોટીંગ શનિવાર, ૨૮ ઓગસ્ટ, ૨૦૨૧નાં (સવારે ૯:૦૦) થી ૩૦ ઓગસ્ટ, ૨૦૨૧ને સોમવાર (સાંજે ૫:૦૦) સુધી ચાલુ રહેશે.

(સી) એજીએમ દરમિયાન રીમોટ ઈવોટીંગ કે ઈ વોટીંગની સુવિધા મંગળવાર, તા. ૨૪ ઓગસ્ટ, ૨૦૨૧ (સવારે ૯:૦૦) થી ગણવામાં આવશે.

(ડી) રીમોટ ઈ વોટીંગ મોડયુલ સોમવાર, ૩૦ ઓગસ્ટ, ૨૦૨૧ (સાંજે ૫:૦૦) ના બંધ થઈ જશે એટલે કે ત્યારબાદ મતદાન થઈ શકશે નહિં.

(ઈ) એજીએમ દરમિયાન પણ ઈ વોટીંગ કરી શકાશે. તેમાં રીમોટ ઈ વોટીંગ વીસી/ઓએવીએમ દ્વારા મતદાન ન કરનાર સભ્યો જ મતદાન કરવા હકદાર રહેશે.

(એફ) એજીએમ શરૂ થયા પહેલાં રીમોટ ઈ વોટીંગ દ્વારા મતદાન કરી શકાશે પરંતુ ચાલુ એજીએમ દરમિયાન ફરીથી મત આપી શકશે નહિં.

(જી) કંપનીની કટ ઓફ તારીખ મંગળવાર, ૨૪ ઓગસ્ટ, ૨૦૨૧ સુધીમાં પેઈડ અપ શેર કેપીટલમાં જમા થયેલા હિસ્સા માટે હક્કદાર રહેશે.

(એચ) એજીએમની કટ ઓફ તારીખ એટલે કે ૨૪ ઓગસ્ટ, ૨૦૨૧ ને મંગળવાર સુધી નોંધાયેલા સભ્યો મતદાન માટે યુઝર આઈટી તથા પાસવર્ડ મેળવવા helpdesk.evoting@ cdslindia.com કે કંપની/રજીસ્ટ્રાર એન્ડ ટ્રાન્સફર એજન્ટને અરજી મોકલી શકશે. જ્યારે સીડીએસએલ તથા એનએસડીએલ ખાતે નોંધાયેલા સભ્યો પ્રવર્તમાન આઈડી દ્વારા પોતાનો મત આપી શકશે.

(આઈ) કંપનીની કટ ઓફ તારીખ સુધીમાં ડીપોઝીટરી રજીસ્ટરમાં નોંધાયેલા સભ્યો જ રીમોટ ઈ વોટીંગ કે ઈ વોટીંગની સુવિધાનો ઉપયોગ કરી શકશે.

(જે) કંપનીના સભ્યો કંપની સેક્રેટરીને વેલસ્પન હાઉસ, કમલા મીલ્સ કંપાઉન્ડ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૪૦૦ ૦૧૩ કે ઈ-મેઈલ companysecretary_wcl@welspun.com કે +૯૧(૦૨૨)૬૬૧૩૬૦૦૦નો કોઈપણ કામના દિવસોએ સવારે ૧૦ થી સાંજે ૬.૦૦ સુધી સંપર્ક સાધી શકશે.

કંપનીમાં પોતાના બેન્ક ખાતાની વિગત અપડેટ નહીં કરી હોય તેવા સભ્યોએ બોર્ડ ઓફ ડાયરેકટરની ૨૮ જુન, ૨૦૨૧ના રોજ મળેલ મીટીંગમાં શેર દીઠ રૂા. ૫ ડિવિડન્ડની ભલામણ કરી છે જેની નોંધ લેવી તેવા સભ્યોને તેમના ડિવિડન્ડની રકમ ડિવિડન્ડ વોરન્ટ/ડીમાન્ડ ડ્રાફ્ટ/ચેક દ્વારા તેમના રજીસ્ટર્ડ સરનામે ટપાલ દ્વારા મોકલવામાં આવશે.

સદરહુ ડિવિડન્ડ મેળવવામાં વિલંબ ન થાય તે માટે સભાસદોએ પોતાના બેન્ક ખાતાની વિગત (જ્યાં ડી મટીરીયલાઈઝ રાહે હોય) તથા કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ Link Intime India Private Limited (જ્યાં પ્રત્યક્ષ સ્વરૂપે શેર હોય) ત્યાં rnt.helpdesk@ linkintime.co.in ને પોતાની સઘળી વિગતો જેવી કે નામ, ફોલિયો નંબર, બેન્ક વિગતો, પાન કાર્ડની સ્વયં પ્રમાણિત નકલ તથા રદ કરેલ ચેક સામેલ કરીને મોકલી શકાશે.

વેલસ્પન કોર્પ લિમિટેડ વતી
સહી/-
પ્રદીપ જોષી
કંપની સેક્રેટરી
એફસીએસ-4959
મુંબઈ,
૯ ઓગસ્ટ, ૨૦૨૧

અભિનંદન

આપશ્રીની અંજાર તાલુકા પંચાયતના સામાજીક અને ન્યાય સમિતિના ગૌરવવંતા ચેરમેન પદે વરણી થવા બદલ અમો હર્ષ સાથે ગૌરવની લાગણી અનુભવીએ છીએ. આપશ્રી રાજકીય તેમજ સામાજીક ક્ષેત્રે વધુમાં વધુ નામના મેળવો તેવી અંતરની શુભકામના....

શ્રીમતી રાણીબેન અર્જુનભાઈ થારૂ
ચેરમેનશ્રી, સામાજીક અને ન્યાય સમીતી અંજાર તાલુકા પંચાયત

:: શુભેચ્છક ::
રમાબેન ચૌહાણ - સરપંચશ્રી, મોટી નાગલપર
મંજુલાબેન શામજી હિરાણી - સરપંચશ્રી, નાની નાગલપર
તથા સમસ્ત નાની-મોટી નાગલપર ગ્રામ પંચાયતના સદસ્યશ્રીઓ અને ગ્રામજનો....